# વાલ્લભમતમાં જીવન્મુક્ત જીવાત્માનું સ્વરૂપ

- અસિત શાહ

## ઉપક્રમ

જીવાત્માનું સ્વરૂપ સામાન્ય સંજોગોમાં પ્રત્યક્ષપ્રમાણગોચર નથી. તેનું પરોક્ષ જ્ઞાન પણ તેની કોઈ ને કોઈ અવસ્થામાં જ થઈ શકે છે. પ્રમેયરત્નાર્ણવકાર જીવવિવેકમાં જીવની ત્રણ અવસ્થાઓ બતાવે છે : શુધ્ધ, બધ્ધ અને મુક્ત. તે પૈકી બધ્ધાવસ્થામાં જીવ અવિદ્યાના પ્રભાવ હેઠળ હોય છે, જ્યારે કે શુધ્ધ અને મુક્ત અવસ્થામાં અપ્રભાવિત. શુધ્ધ જીવ નવજાત બાળક જેવો અહંતામમતાવિહીન, બધ્ધ જીવ ગૃહસ્થ યુવાન જેવો પારિવારિક જંજાળમાં પડેલો તથા મુક્ત જીવ સંન્યાસી જેવો જંજાળને ત્યાગી દેનારો હોય છે ; ''ગતાવિદ્યા સનકાદયઃ'' ( જીવવિવેક ). આ ત્રિવિધ અવસ્થાઓમાં જતા-આવતા લક્ષણોને બાદ કરતાં જે સ્થાયી લક્ષણો બચે તેને જીવના સ્વરૂપાન્તઃપાતી ગણી શકાય.

ત્રણ પૈકી શુધ્ધ અને બધ્ધ અવસ્થાઓ નિવૃત્ત કે નિવર્તનીય હોવાથી તેની બાબતે એકંદરે એટલો વિવાદ નથી દાર્શનિકોમાં જેટલો મુક્ત અવસ્થા બાબતે છે. તેમાં ય દેહ છૂટ્યા પછી પ્રાપ્ત થતી વિદેહમુક્તિ કરતાં પણ સદેહે મળતી જીવન્મુક્તિ ઉગ્ર વિવાદનો વિષય છે.

વેદાંતી દાર્શનિકોની એક કપરી કસોટી અને જવાબદારી જીવન્મુક્ત જીવના સ્વરૂપનું વર્ણન કરતાં શાસ્ત્રવચનોની વ્યાખ્યા કરવાની તેમ જ જીવન્મુક્ત મહાનુભાવોના ચરિત્રનું વર્ણન કરતાં શાસ્ત્રીય આખ્યાનો સાથે તેનો મેળ બેસાડવાની હોય છે. જે વેદાંતદર્શનનો શાસ્ત્રવચનો અને શાસ્ત્રીય આખ્યાનો સાથે વધારે સુમેળ હોય તેને વેદાંતીઓમાં વધુ સ્વીકૃતિ મળે. તેથી વિપરીત જે વેદાંતદર્શનમાં પ્રતિવાદી વધારે અનિષ્ટપ્રસંજન કરે તે મતનું ખંડન થઈ જાય.

વેદાંતીઓમાં શાસ્ત્રચર્ચાની એક સ્વસ્થ અખંડિત પરંપરા વાલ્લભ મતના ઉદયના હજારો વર્ષો પહેલાથી ચાલી આવેલ હતી. વિભિન્ન મત ધરાવતા વેદાંતી દાર્શનિકો આપસમાં શાસ્ત્રચર્ચા કરી ખંડનમંડન કરતાં કરતાં વિચારને આગળ ધપાવવા સક્રિય હતા. તે જ પરંપરામાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી અને તેમના વંશજો તથા અનુયાયીઓએ પોતાના મતને સુસ્થાપિત કર્યો છે. તેમાં ખાસ કરીને શાંકર મતને પ્રતિવાદી બનાવી તે મતનું ખંડન કરી સ્વમતનું મંડન કરતાં કરતાં શાસ્ત્રવચનો અને શાસ્ત્રીય આખ્યાનોને આધારે જીવન્મુક્ત જીવાત્માના સ્વરૂપનો વિસ્તૃત વિચાર કરેલ છે. તત્ત્વાર્થદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણનો તો લગભગ ચતુર્થાંશ આ જ વિષયસમ્બન્ધી છે ! તે સિવાય સર્વનિર્ણયપ્રકરણનો અલ્પાંશ તથા અણુભાષ્યમાં સાધન અને ફલાધ્યાય મોટે ભાગે આને જ લગતા છે. ઉપરાન્ત ષોડશગ્રંથમાં સંક્ષિપ્તવિચાર પણ છે જ.

એવું નથી કે અહીં સર્વત્ર શાંકર મતનું સર્વથા ખંડન જ છે. મહદંશે તેમ હોવા છતાં કેટલીક વાતોમાં બન્ને મતોમાં સામ્ય પણ છે જ. તે બન્ને પાસાને ઉજાગર કરતાં આગળ વિસ્તૃત વિચાર કરેલ છે.

## ષોડશગ્રંથમાં સંક્ષિપ્તવિચાર

ગ્રંથ બાલબોધમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : ''સ્વતઃ મોક્ષે... સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ... અહંતામમતાનાશે સર્વથા નિરહંકૃતૌ સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે.'' આમ સાંખ્યપ્રક્રિયાથી મળતી જીવન્મુક્તિ એ સ્વરૂપસ્થિતિ જ છે. એ કોઈ અપ્રાપ્ત ઊર્ધ્વલોકની પ્રાપ્તિ ન હોઈને અપ્રાપ્ત અવસ્થામાત્રની પ્રાપ્તિ છે.

તે પછી સિધ્ધાન્તમુક્તાવલીમાં વેદાન્તાનુસારી પ્રક્રિયા સમજાવી છે : ''આત્મનિ બ્રહ્મરૂપે હિ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ, ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને... સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ.'' તેની ટીકામાં શ્રીગુસાંઈજી લખે છે : ''જીવા હિ અણવો અક્ષરાત્મકાઃ. તદાત્મકત્વમ્ અવિદ્યયા અન્તરાયભૂતયા ન વિદન્તિ. તેન સંસારમ્ આપદ્યન્તે. ઇદમેવ ઉપાધિરૂપત્વં તસ્યાઃ, નતુ તત્કૃતં જીવત્વમ્. ( અણુત્વબોધનાર્થં દૃષ્ટાન્તઃ. વ્યોમ્નિ યથા ઉપાધિભિઃ ક્ષુદ્રૈઃ છિદ્રા ઇવ પ્રતીયન્તે તથા આત્મનિ...). ઉપદેશાદિભિઃ 'ઉપાધિનાશે વિજ્ઞાને' અનુભવે સમ્પન્ને પુરુષોત્તમાવિર્ભાવયોગ્યતા તસ્મિન્ જાતે સ્વાત્મનિ તં પ્રકર્ષેણ પશ્યતિ ઇત્યર્થઃ''. અહીં અવિદ્યાને તેના પારિભાષિક અર્થમાં ઉપાધિ ગણાવી બોલચાલના અર્થમાં મુક્તિમાં બાધારૂપ પણ ગણાવી છે. તેથી મુક્તિમાટે આવશ્યકતા વિજ્ઞાન પહેલા ઉપાધિનાશની પણ છે. તે બન્ને સમ્પન્ન થતાં જીવાત્મા પોતાને અંશરૂપે અનુભવવા સક્ષમ અને પુરુષોત્તમને અંશીરૂપે અનુભવવા યોગ્ય થઈ જાય છે. આ સાંખ્યપ્રક્રિયાથી વિલક્ષણતા છે.

તત્ત્વાર્થદીપનિબન્ધ અને અણુભાષ્યમાં વિસ્તૃતવિચાર

(અ) પ્રમાણવિષયક વિચાર

(૧) બ્રહ્મસૂત્રના શાંકરભાષ્યમાં શરૂઆતના અધ્યાસભાષ્ય તરીકે ઓળખાતા અંશમાં શ્રીશંકરાચાર્ય કર્મ અને જ્ઞાનનું તારતમ્ય બતાવે છે. તેમાં કર્મને ઈચ્છાતંત્ર જ્યારે કે જ્ઞાનને વસ્તુતંત્ર બતાવ્યું છે. અર્થાત્ કર્મને તેનો કર્તા સ્વેચ્છાથી યથાવિધિ કરી, ન કરી કે બીજી રીતે કરી શકવા સમર્થ હોય છે. જ્યારે કે જ્ઞાન તો જ્ઞેય વસ્તુના નિયંત્રણમાં હોય છે ; જ્ઞાતા સ્વેચ્છાનુસાર વસ્તુને જાણી, ન જાણી કે અન્યથા જાણી નથી શકતો.

(૨) તેથી જ કર્મની વિધિ હોય છે પણ જ્ઞાનની વિધિ ન હોઈ શકે.

(૩) બ્રહ્મ તર્કાદિનો વિષય નથી પણ આગમમાત્રથી ગમ્ય છે. તે શાસ્ત્રોમાં વર્ણવેલ સ્વરૂપયોગ્યતાથી સંપન્ન મુમુક્ષુ સાધક યોગ્ય ગુરુના મુખેથી ઉપનિષદ્ના મહાવાક્યોનું શ્રવણ કરે તો તેવા શાબ્દજ્ઞાનથકી તેને તત્કાળ બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન થઈ જાય છે.

વાલ્લભ મત તેનાથી સહમત નથી. ફક્ત એટલું જ બરાબર કે બ્રહ્મ તર્કાદિનો વિષય ન હોઈને શાસ્ત્રૈકગમ્ય છે.

(૧,૩) તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણયપ્રકરણમાં પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : ''જ્ઞાનં તુ પ્રમાણાધીનં, ન પ્રમેયાધીનં ; માનાધીના મેયસિદ્ધિઃ ઇતિ. અન્યથા લોકે મર્યાદાભંગઃ સ્યાત્'' ( કારિકા ૨૯૭ પ્રકા. ). અર્થાત્ જ્ઞાન વસ્તુતંત્ર ન હોઈને પ્રમાણતંત્ર હોય છે. જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે જ્ઞાનનો સંબંધ પ્રમાણની મધ્યસ્થી વગર સ્થાપિત ન થતો હોવાથી તે સંબંધ પ્રમાણના નિયંત્રણમાં હોય છે, જ્ઞેય વસ્તુના નિયંત્રણમાં નહીં. જેમ કે ન દેખાતા હાથીની ચિંઘાડી સંભળાતા હાથીનું અનુમાન જ થઈ શકે, પ્રત્યક્ષ ચાક્ષુષ જ્ઞાન નહીં. તેથી ''યે તુ પુનઃ શબ્દસ્ય કરણત્વમ્ આહુઃ તે ભ્રાન્તા એવ. ન હિ આત્મવિષયકેષુ જ્ઞાનેષુ મનોઽતિરિક્તં કરણં ભવતિ, બહિરિન્દ્રિયાણાં ગ્રાહકાણાં બહિર્વિષયે એવ સામર્થ્યાત્. અત આત્મનો ધર્મો બ્રહ્મત્વલક્ષણો ન બાહ્યઃ, દશમત્વાદિવત્'' ( કારિકા ૨૯૬ પ્રકા. ). શાસ્ત્રાર્થપ્રકરણમાં આત્માના સાક્ષાત્કાર બાબતે પણ આજ્ઞા કરે છે : ''ન પ્રાકૃતેન્દ્રિયૈર્ગ્રાહ્યં ન પ્રકાશ્યં ચ કેનચિત્, યોગેન ભગવદ્દૃષ્ટ્યા દિવ્યયા વા પ્રકાશતે'' ( કારિકા ૫૫ ). ''ત્રેધા તદ્દર્શનં યોગેન સાધિતં મનઃ પશ્યતિ, દૃષ્ટિસ્તુ યા ભગવન્તં પશ્યતિ, દિવ્યા જ્ઞાનદૃષ્ટિશ્ચ યા તયા ; ન અન્યથા તદ્દર્શનમ્'' ( ત્યાં જ પ્રકા. ).

(૨) શ્રીગુસાંઈજી અણુભાષ્યના સાધનાધ્યાયમાં આજ્ઞા કરે છે : ''ન ચ પ્રમાણવસ્તુપરતંત્રત્વાત્ ન જ્ઞાનસ્ય વિધેયતા ઇતિ વાચ્યમ્, ઇતરજ્ઞાનસ્ય તથાત્વેપિ જીવાત્મલક્ષણે અધિષ્ઠાને પરમાત્મનો ભગવતો દર્શનસ્ય અન્યતો અપ્રાપ્તત્વાદ્ શ્રધ્ધાન્તસાધનૈઃ તદ્દર્શને સ્વરૂપયોગ્યતાસમ્પત્તૌ આત્મનિ અધિષ્ઠાને પરમાત્મદર્શનાનુકૂલ-પ્રયત્નવિધાનસમ્ભવાત્, શ્રવણવિધિના શ્રુતિવાક્યજ-શાબ્દજ્ઞાનાનુકૂલ-પ્રયત્નવિધાનવત્. એવમેવ હિ યાગવિધિનાપિ ક્રિયારૂપયાગસ્ય સ્વાનુકૂલપ્રયત્નાધીનત્વેન સ પ્રયત્ન એવ વિધીયતે, અન્યાપ્રાપ્તત્વાત્, નતુ ક્રિયા, તત્પ્રયત્ને સતિ તસ્યાઃ સ્વત એવ સમ્ભવાત્'' ( અણુભાષ્ય ૩।૪।૧।૧૯ ). સાર એ કે યજ્ઞરૂપા ક્રિયા સંપન્ન થાય તેવા પ્રયત્ન કરવાની જેમ વિધિ હોય છે તેમ જ જ્ઞાન કે દર્શનરૂપા ક્રિયા સંપન્ન થાય તેવા પ્રયત્ન કરવાની વિધિ પણ હોવાની જ.

આમ સંક્ષેપમાં વાલ્લભ મતમાં બ્રહ્મજ્ઞાનનું પ્રમાણાધીન અને તેથી જ વિધ્યનુસારિ હોવું આવશ્યક છે ; બ્રહ્મનું કોઈક પાસું ભલે પ્રમાણાતીત કે વિધ્યતીત હોય.

(બ) પ્રમેયવિષયક વિચાર

(૧) જીવન્મુક્તિની અનુભૂતિ કેવી હોય તે શ્રીશંકરાચાર્યે આત્માષ્ટકમ્ કે નિર્વાણષટ્કમ્ નામક સ્તોત્રમાં સુપેરે વર્ણવ્યું છે. તે એવી આંતરાનુભૂતિ છે જેમાં અહંતામમતાત્મક-સંસારલય, દેહેન્દ્રિપ્રાણાન્તઃકરણાત્મક-સંઘાતલય તથા પાંચભૌતિક-પ્રપંચલય અનુભવાય છે. વળી તેમાં વ્યાપકતા પણ અનુભવાય છે ! '' મનોબુદ્ધ્યહંકારચિત્તાનિ નાહમ્, ન ચ શ્રોત્ર-જિહ્વે ન ચ ઘ્રાણ-નેત્રે, ન ચ વ્યોમ-ભૂમી ન તેજો ન વાયુઃ ... ન ચ પ્રાણસંજ્ઞો ન વૈ પંચવાયુઃ ન વા સપ્તધાતુઃ ન વા પંચકોશઃ, ન વાક્પાણિપાદૌ ન ચોપસ્થ-પાયૂ ... ન મે દ્વેષ-રાગૌ ન મે લોભ-મોહૌ, મદો નૈવ મે નૈવ માત્સર્યભાવઃ, ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષઃ ... ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં, ન મન્ત્રો ન તીર્થં ન વેદાઃ ન યજ્ઞાઃ, અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા ... ન મૃત્યુઃ ન શંકા ન મે જાતિભેદઃ, પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ, ન બન્ધુઃ ન મિત્રં ગુરુર્નૈવ શિષ્યઃ ... અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો, વિભુત્વાચ્ચ સર્વત્ર સર્વેન્દ્રિયાણાં, ન ચાસંગતં નૈવ મુક્તિઃ ન મેયઃ ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ !''

(૨) જીવન્મુક્તિથકી આ કેવી રીતે સંભવે તે સમજવા જીવાત્માનું શાંકરમતાનુસારી સ્વરૂપ સમજવું જરૂરી છે. શાંકર મતમાં એક

પ્રતિબિંબવાદી વિવરણપ્રસ્થાન અને એક આભાસ કે અવચ્છેદવાદી ભામતીપ્રસ્થાન છે. એકમાત્ર પારમાર્થિક સત્ય એવા બ્રહ્મનો ઘડામાંના જલમાં બિંબરૂપ આકાશના પડતાં પ્રતિબિંબ જેવો જીવ છે એમ વિવરણપ્રસ્થાન માને છે. જ્યારે કે ભામતીપ્રસ્થાન ઘડામાંના આકાશને જીવવત્ ગણાવી અસીમ આકાશને બ્રહ્મવત્ ગણાવે છે. માયા કે અવિદ્યા કે અજ્ઞાનને કારણે પરમાર્થ સત્ય આચ્છન્ન થઈ આ જીવ અને તેના ઈશ્વર એવા વ્યાવહારિક સત્ય અનુભવાય છે અને તે થકી પ્રપંચ-સંઘાત-સંસારરૂપી વિક્ષેપો પણ ન હોવા છતાં અનુભવાય છે. જ્ઞાન થકી બ્રહ્મભાવ સંપન્ન થતાં તે સર્વ વિલીન થાય છે.

વાલ્લભ મતાનુસાર મુક્તિ અને લય એકબીજાથી સંકળાયેલ નથી. મુક્તિથી તો ઉલટાનો આનન્દાંશનો આવિર્ભાવ થાય છે ; ''તિરોહિતસ્ય આવિર્ભાવે બ્રહ્મભાવઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૩૬ ) !

(૧) મુક્તિથી સંસારનો લય વાલ્લભ મતમાં માન્ય છે. અવિદ્યાનો અભિભવ થતાં અહંતામમતાત્મક અભિમતિમાત્ર એવા સંસારનો લય થાય છે. પરંતુ સંઘાત કે પ્રપંચનો લય નથી થતો. વિદ્યા અને અવિદ્યા એ જીવને પ્રભાવિત કરતી ભગવાનની શક્તિઓ છે. જોકે તે બન્ને જેની પેટાશક્તિઓ છે તે માયા નામની ભગવચ્છક્તિ વડે પ્રપંચ અને સંઘાતની રચના થઈ છે. અવિદ્યા અને માયા વાલ્લભ મતમાં એક નથી. અવિદ્યાના અભિભવથી તેના કાર્યરૂપ સંસારનો લય જ થઈ શકે, માયાના કાર્યરૂપ સંઘાત કે પ્રપંચનો નહીં. ''સંસારસ્ય લયો મુક્તૌ ન પ્રપંચસ્ય કર્હિચિત્, કૃષ્ણસ્ય આત્મરતૌ તુ અસ્ય લયઃ સર્વસુખાવહઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ કારિકા ૨૪ ). પ્રપંચનો લય તો કેવળ સમગ્ર સૃષ્ટિનો પ્રલય થાય ત્યારે જ થાય. વળી આસન્યસેવાની વૈદિકપ્રક્રિયા અથવા હરિસેવાની ભગવચ્છાસ્ત્રીય પ્રક્રિયા દ્વારા આત્મા સહિતના સંઘાતની આધિદૈવિકતા સંપન્ન થતાં સંઘાતનો લય શક્ય છે, જીવન્મુક્તિથકી નહીં. ''વિદ્યયા અવિદ્યાનાશે તુ જીવો મુક્તો ભવિષ્યતિ, દેહેન્દ્રિયાસવઃ સર્વે નિરધ્યસ્તા ભવન્તિ હિ, તથાપિ ન પ્રલીયન્તે જીવન્મુક્તગતાઃ સ્ફુટમ્, આસન્યસ્ય હરેઃ વા અપિ સેવયા દેવભાવતઃ, ઇન્દ્રિયાણાં તથા સ્વસ્મિન્ બ્રહ્મભાવાત્ લયો ભવેત્'' ( શાસ્ત્રાર્થપ્રકરણ કારિકા ૩૪-૩૫ ). તેના પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : ''અધ્યાસ એવ ગચ્છતિ, ન સ્વરૂપં, પ્રપંચમધ્યપાતાત્... સ્વબુધ્ધ્યા લીનવત્ પ્રતિભાને અપિ ન સર્વેષાં બુધ્ધ્યા તથા પ્રતિભાનમ્.'' અર્થાત્ દેહાદિ સંઘાતનો અધ્યાસ માત્ર નિવૃત્ત થાય છે જીવન્મુક્તિથી ; દેહાદિ તો કાયમ જ રહે છે. સંસારી લોકોને તેવા જીવન્મુક્ત વ્યક્તિના દેહાદિ તો દેખાય જ છે. વળી ''ગોવિન્દાસન્યસેવાતઃ ઇતિ. અયં લયો રૂપાન્તરાપાદકઃ કાર્યરૂપઃ ઉત્પત્તિઃ એવ, ન લય ઇતિ ભાવઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૯૭ ) ! તેથી આવિર્ભાવની વાત કરવી હોય તો કરો, ઉત્પત્તિની વાત કરવી હોય તો કરો, આનન્દના પ્રકાશની વાત કરવી હોય તો કરો, પણ મહેરબાની કરીને લયની તો અહીં વાત જ ન કરશો ! વાલ્લભમતાનુયાયી પોતાના પૂર્વજોને ''બ્રહ્મલીન'' નથી કહેતા.

(૨) આવું કેમ થાય છે તે સમજવા જીવાત્માનું સ્વરૂપ જાણવું રહ્યું. વાલ્લભ મતમાં જીવસૃષ્ટિ બાબતે કહ્યું છે : ''બહુ સ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હિ અભૂત્ સતી, તદિચ્છામાત્રતઃ તસ્માદ્ બ્રહ્મભૂતાંશચેતનાઃ, સૃષ્ટ્યાદૌ નિર્ગતાઃ સર્વે નિરાકારાઃ તદિચ્છયા, વિસ્ફુલિંગા ઇવ અગ્નેઃ...'' ( શાસ્ત્રાર્થપ્રકરણ ૨૭-૨૮ ). ''તસ્માદેવ બ્રહ્મભૂતાઃ નતુ યોગબલેન આવિર્ભૂતાઃ અંશાઃ સાકારાઃ સૂક્ષ્મપરિચ્છેદાઃ ચેતનાઃ ચિત્પ્રધાનાઃ સર્વે અસંખ્યાતાઃ સૃષ્ટ્યાદૌ પ્રથમસૃષ્ટૌ તતઃ સાકારા ભગવદ્રૂપા અપિ ઉચ્ચનીચભાવેચ્છયા નિર્ગતા ઇતિ નિરાકારા જાતાઃ'' ( ત્યાં જ પ્રકાશ ). ''આરાગ્રમાત્ર એવ હંસાકૃતિઃ ... પ્રકાશકં તત્ તદ્રૂપં, તસ્ય ચૈતન્યગુણો વા. તેન તેજોવદ્ ભાસતે ... ન એતાવતા તેજઃપ્રકૃતિત્વમ્ ... ન પ્રાકૃતેન્દ્રિયૈઃ ગ્રાહ્યમ્ ઇતિ, રૂપાદ્યભાવાત્ સન્નિકર્ષાભાવાત્ ચ ... નાપિ કેનચિત્ પ્રકાશ્યમ્.'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૫૩-૫૬ ). આમ મૂલભૂત ફરક એ છે કે જીવની રચના થયા બાદ તેનો પ્રપંચમાં પ્રવેશ થાય છે ; ન તો પ્રપંચમાં પ્રવિષ્ટ ચૈતન્ય જીવભાવને પ્રાપ્ત કરે છે કે ન જીવના અજ્ઞાનયુક્ત થવાથી પ્રપંચ સર્જાય છે. તેથી પ્રપંચ પોતાની રીતે ચાલે છે અને જીવની ગતિ તેની રીતે થતી રહે છે. તેઓ એકબીજાના ઉત્પત્તિ-નાશનું કારણ નથી બની શકતા.

(૩) હવે એક સવાલ એ થાય કે આત્માષટ્કમાં વર્ણવેલ કે શાસ્ત્રીય આખ્યાનોમાં વર્ણવેલ જીવન્મુક્તિની સંઘાતલય અને પ્રપંચલયની અનુભૂતિનું અર્થઘટન કેવી રીતે કરવું. તેને જ શાસ્ત્રોમાં આત્યન્તિકપ્રલય તરીકે ગણાવેલ છે. જવાબમાં અનુભૂતિના બે પ્રકાર સમજવાથી અર્થઘટન સરળતાથી સંભવે છે : સખંડાદ્વૈતાનુભૂતિ અને અખંડાદ્વૈતાનુભૂતિ. ''અખંડાદ્વૈતભાને તુ સર્વં બ્રહ્મૈવ નાન્યથા, જ્ઞાનાદ્ વિકલ્પબુધ્ધિસ્તુ બાધ્યતે, ન સ્વરૂપતઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ ૯૧ ). ''યદા અખંડાદ્વૈતભાનં સુવર્ણગ્રાહકવત્ તત્ત્વેનૈવ સર્વં ગૃહ્ણાતિ તદા અવાન્તરવિકલ્પવિષયિણી બુધ્ધિઃ ઘટઃ પટઃ ઇતિ સા બાધ્યતે, સર્વત્ર બ્રહ્મૈવ ઇતિ, નતુ સ્વરૂપતોઽપિ ઘટપટાદિપદાર્થોઽપિ ધર્મી બાધ્યતે ઇત્યર્થઃ'' ( ત્યાં જ પ્રકાશ ). ''ભાવનામાત્રતો ભાવ્યા ન હિ સર્વાત્મના લયઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ ૯૯ ). ''સર્વાત્મના કાલાદિના ઇવ ન લયઃ'' ( ત્યાં જ પ્રકાશ ). આમ શાંકરમતની અખંડાદ્વૈતાનુભૂતિને વાલ્લભમત પચાવી શકે છે. પરંતુ વાલ્લભમતની સખંડાદ્વૈતાનુભૂતિને શાંકરમત કદાપિ નથી પચાવી શકતો. તેવી અનુભૂતિમાં અર્જુનને વિરાટસ્વરૂપમાં દેખાયા તેમ

નામરૂપના વિવિધ ખંડો એક વ્યાપક સાકાર બ્રહ્મની ભેગા ભેગા અનુભવાય છે. શાંકરમતમાં તેવી અનુભૂતિ અસંભવ છે, કેમકે બ્રહ્મની અનુભૂતિ તેઓ નામરૂપરહિત શૂન્યવત્ હોય તેવું માને છે.

(૪) બીજો સવાલ એ થાય કે શાસ્ત્રોમાં ક્યાંક જીવનું વ્યાપક તરીકે વર્ણન છે તેનું અર્થઘટન કેવી રીતે કરવું. આ બીજા સવાલના જવાબમાં સમજવાનું કે ''વ્યાપકત્વશ્રુતિ તુ અસ્ય ભગવત્ત્વેન યુજ્યતે, આનન્દાંશાભિવ્યક્તૌ તુ તત્ર બ્રહ્માણ્ડકોટયઃ, પ્રતીયેરન્ પરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત્'' ( શાસ્ત્રાર્થપ્રકરણ ૫૩-૫૪ ). ''ભગવદાવેશે ભગવદ્ધર્મા વ્યાપકત્વાદયઃ તત્ર શ્રૂયન્તે, નતુ જીવો વ્યાપકઃ ... પરિચ્છેદેઽપિ વ્યાપકત્વસિધ્ધેઃ ન તદનુરોધેન અધિકપરિમાણત્વમ્ અંગીકર્તવ્યમ્'' ( ત્યાં જ પ્રકાશ ). ''ભગવદાનન્દાદીનાં પૂર્ણત્વાદ્ જીવાનન્દાદીનામ્ અલ્પત્વાદ્ નામ્નૈવ સમૈઃ ધર્મૈઃ કૃત્વા બ્રહ્મસામ્યં જીવે ઉપચર્યતે 'સામ્યમુપૈતિ' ઇતિ. વસ્તુતસ્તુ ન એતૈઃ અપિ ધર્મૈઃ સામ્યમ્ ઇતિ ભાવઃ'' ( અણુભાષ્ય ૩।૩।૫।૨૬ ). વળી બ્રહ્મસૂત્ર ૨।૩।૧૯ થી ૨૮માં વિચાર કરી એવો નિર્ણય કરેલ છે કે જીવ વ્યાપક ન હોય તો જ એની એક લોકમાંથી બીજા લોકમાં ઉત્ક્રાન્તિ કે ગતિ અને ક્યારેક અધોગતિ કે ગતિનો અભાવ પણ જે શાસ્ત્રોમાં બતાવેલ છે તે શક્ય બને.

(૫) ત્રીજો સવાલ એ થાય કે શાસ્ત્રોમાં ક્યાંક જગતનું માયિક છે એવું વર્ણન છે તેનું અર્થઘટન કેવી રીતે કરવું. તો તેની વ્યવસ્થા એ પ્રકારે સમજવી કે ''માયિકત્વં પુરાણેષુ વૈરાગ્યાર્થમ્ ઉદીર્યતે'' ( શાસ્ત્રાર્થપ્રકરણ ૮૯ ). ''સૃષ્ટિપ્રભેદેષુ ઐન્દ્રજાલપક્ષો નિરૂપિતઃ સ એવ પુરાણેષુ વૈરાગ્યાર્થં નિરૂપ્યતે. અતો ન વસ્તુનિરૂપકં કિન્તુ તત્ મતાન્તરમ્ અસુરવ્યામોહજનકમ્'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૮૨ ). ''નાસ્તિ શ્રુતિષુ તદ્વાર્તા દશ્યમાનાસુ કુત્રચિત્'' ( શાસ્ત્રાર્થપ્રકરણ કારિકા ૮૨ ).

(૬) હવે જીવાત્માનું સ્વરૂપ અને જીવન્મુક્તિસંબંધી જે શાંકરમત છે તેમાં અનિષ્ટપ્રસંજન અને તેનું નિરસન શેષ રહ્યું. (અ) ''ન હિ બ્રહ્મવિદ્યાયાં પ્રપંચવિલયો અપેક્ષ્યતે, તથા સતિ પ્રલયવત્ સર્વેષામ્ અનાદરણીયતા સ્યાત્ !'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૮૧ ). શાંકરમતની મુક્તિની કોઈ ઇચ્છા જ શા માટે કરે, જો તેનાથી પ્રલયની માફક પ્રપંચનો લય જ થઈ જતો હોય તો. કોઈને માટે તે આદરણીય નહીં રહી જાય. (બ) ''કૃત્સ્નસ્ય પ્રપંચસ્ય કલ્પિતત્વે તન્મધ્યપાતાત્ મનુષ્યાદીનાં મુક્ત્યર્થં પ્રયત્નો વ્યર્થઃ સ્યાત્... અતો અખિલજગત્સાક્ષી ભગવાનેવ મુચ્યતે, નતુ અસ્મદાદયઃ, તન્માયાપરિકલ્પિતત્વાત્. તથા સતિ વ્યર્થઃ પારલૌકિકપ્રયાસઃ !'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૮૭ ). જો મોક્ષ વ્યષ્ટિ જીવોના પ્રતિબિમ્બોના બિમ્બ એવા ઈશ્વરનો જ થતો હોય તો મનુષ્યનો મુક્તિનો પ્રયાસ કેવી રીતે સફળ થઈ શકે ? (ક) ''માયાજવનિકાચ્છન્નં ન પ્રતિબિમ્બતે... યો યત્ર વર્તતે સ તત્ર ન પ્રતિબિમ્બતે... 'દ્વા સુપર્ણા'શ્રુતેઃ.. પ્રતિબિમ્બસ્ય ક્રિયા બિમ્બસ્ય ચ તૂષ્ણીમ્ભાવો વિરુધ્યતે, પ્રતિબિમ્બક્રિયાયા બિમ્બાધીનત્વાદ્ એકત્ર અસ્થિતેશ્ચ. શ્રુત્યા ચ તથા બોધ્યતે ઇતિ પ્રતિબિમ્બકલ્પના શ્રુતિવિરુધ્ધા. ન્યાયવિરોધમ્ આહ 'ગુહાં પ્રવિષ્ટૌ આત્માનૌ હિ તદ્દર્શનાત્'. સ્મૃતિવિરોધમ્ આહ.. 'મમૈવાંશો જીવલોકે' ઇતિ... પ્રતિબિમ્બપક્ષે જીવહાનિઃ મુક્તિઃ સ્યાત્, 'આત્મહાનમ્ અપુરુષાર્થં' ઇતિ મોક્ષસ્ય અપુરુષાર્થત્વમ્ આપદ્યેત... ઉપાધેઃ વિદ્યમાનત્વાત્ સંસાર એવ, તદભાવે પરમમુક્તિઃ એવ, નતુ કથંચિદ્ જીવન્મુક્તિઃ ઇત્યર્થઃ... પ્રારબ્ધં દેહવિદ્યમાનતામેવ સમ્પાદયતિ, ન અધિકં ભોજનાદિકાર્યમ્, સુષુપ્તૌ તથા ઉપલમ્ભાત્. તસ્માદ્ જીવો ન આભાસો ન વા પ્રતિબિમ્બઃ.'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૫૮-૬૦ ). બિમ્બ અને પ્રતિબિમ્બ વચ્ચે જો માયાનો પડદો હોય તો પ્રતિબિમ્બ પડે જ કેવી રીતે ? શ્રુતિ અને બ્રહ્મસૂત્રમાં કહેલ છે તેમ દેહમાં આત્મા અને પરમાત્મા બન્ને વાસ કરે છે. તેમાં આત્મા ભોગ કરે છે અને પરમાત્મા તેમ નથી કરતો. તે સ્થિતિમાં જ્યાં આત્મા બિમ્બ મોજૂદ હોય ત્યાં પ્રતિબિમ્બ કેવી રીતે સંભવે ? વળી પરમાત્માને બિમ્બ માનો તો જીવાત્મા પ્રતિબિમ્બ તેનાથી વિપરીત ભોગાદિ કૃતિ કેવી રીતે કરી શકે ? વળી જીવ કેવલ પ્રતિબિમ્બ હોય જેનો મુક્ત થતાં નાશ થતો હોય તો તેવા મોક્ષની કોણ ઇચ્છા કરે ? અને ધારો કે તેવો નાશ થઈ જતો હોય તો સંસાર અને વિદેહમુક્તિ સિવાયની ત્રીજી જીવન્મુક્તાવસ્થા ક્યાંથી સંભવે ? પ્રારબ્ધવશાત્ તેમ માનો તો ય તેવી અવસ્થામાં સુષુપ્તિ સિવાયના ભોજનાદિ કાર્યો ક્યાંથી સંભવે ?

આમ સંક્ષેપમાં શાંકરમતની મુક્તિનો ન કોઈ આદર કરશે ન કોઈ ઇચ્છા કરશે ન કોઈ તેના માટે પ્રયત્ન કરશે. કરે તો ય વ્યર્થ છે. તે શાસ્ત્રોથી અને યુક્તિથી વિરુધ્ધ છે. ને ધારો કે કોઈને મળી પણ ગઈ તો તેવા મુક્ત માણસમાં ને ઊંઘતા માણસમાં કોઈ ખાસ ફરક નહીં જણાય !

(ક) સાધનવિષયક વિચાર

(૧) શાંકરમતમાં જ્ઞાન એકમાત્ર સાધન છે મુક્તિનું. જોકે તેની પ્રાપ્તિ માટે શરૂઆતના તબક્કે શાખા-અરુન્ધતીન્યાય કે અધ્યારોપ-અપવાદન્યાય અનુસાર પ્રતીકોપાસના કે ભક્તિ કરવી ગ્રાહ્ય છે. તેવી ભક્તિ કે ઉપાસનાને કારણે કોઈ એક બાહ્ય ઉપાસ્ય કે

ભજનીય રૂપમાં માનસિક એકાગ્રતાને પ્રાપ્ત કરી લીધા પછી ''યેન ત્યજસિ તત્ ત્યજ'' નીતિ અપનાવી તેવી ઉપાસના કે ભક્તિનો પણ ત્યાગ કરવો અભિપ્રેત છે. કાંટાને કાઢવા કાંટો વપરાય તેમ મિથ્યા અહંતામમતા અને વિષયાદિને ચિત્તમાંથી કાઢવા મિથ્યા ઉપાસ્ય / ભજનીય રૂપની મિથ્યા ઉપાસના / ભક્તિનો ઉપયોગ કરવાનો રહે છે.

(૨) એકવાર જ્ઞાન પ્રાપ્ત કરી લીધા પછી તેવી ઉપાસના કે ભક્તિ નિરર્થક અને ત્યાજ્ય છે. સ્વયં જ્ઞાનની શ્રવણ-મનન-નિદિધ્યાસનની પ્રક્રિયા પણ બંધ થઈ પ્રાયઃ કેવલ અદ્વૈતાનુભૂતિ જ શેષ રહી જાય છે.

(૧) વાલ્લભમતમાં સાધનામાં આવી નીતિ નથી અપનાવાતી. ''વસ્તુતો યદ્ બ્રહ્મરૂપં તત્ર અબ્રહ્મત્વનિશ્ચયઃ, ઉપાસનાર્થં ચ બ્રહ્મત્વેન ભાવનમ્ એવમ્ ઉભયથાકરણે દોષઃ સમ્પદ્યતે ઇતિ તસ્ય ન બ્રહ્મપ્રાપ્તૌ અધિકારો અસ્તિ ઇતિ યુક્તં તદ્ અનયનમ્'' (અણુભાષ્ય ૪|૩|૪|૧૬). ''અતદ્રૂપે તત્ત્વેન ઉપાસનં હિ 'પ્રતીકમ્' ઇતિ ઉચ્યતે. તથા ચ તાદશેન તેન સ મોક્ષો ન ભવતિ ઇત્યર્થઃ'' (અણુભાષ્ય ૪|૧|૨|૪). ''સર્વત્ર બ્રહ્મદષ્ટિઃ ન પ્રતીકાત્મિકા, સર્વસ્ય વસ્તુનો બ્રહ્માત્મકત્વાત્. સા ચ ન ઉપદેશસાધ્યા અતો ન ઉપદિશ્યતે કિન્તુ અનૂદ્યતે. સા તુ અધિકારોત્કર્ષાત્ સ્વત એવ ભવતિ ઇતિ 'પ્રતીકોપાસનસ્ય ન મુક્તિસાધનત્વમ્' ઇતિ સાધૂક્તમ્'' (અણુભાષ્ય ૪|૧|૨|૫). પ્રતીકોપાસનાનો નિષેધ છે, કેમકે કોઈ આંતર કે બાહ્ય, સ્થૂળ કે સૂક્ષ્મ, અકલ્પિત કે કલ્પિત રૂપ અબ્રહ્માત્મક હોઈ જ શકતું નથી. કોઈ પ્રતીકોપાસના કરવા જાય તો દોષદ્વૈગુણ્ય પ્રસક્ત થાય.

(૨) બાહ્ય રૂપ મિથ્યા અને આંતર રૂપ સત્ય એવો અભિગમ માન્ય નથી. ''યત્ર એકાગ્રતા તત્ર અવિશેષાત્'' બ્રહ્મસૂત્ર ૪|૧|૩|૧૧ ના ભાષ્યમાં કહ્યું છે : ''યત્ર ભક્તેષુ એકાગ્રતા = ભગવત્સ્વરૂપે પ્રકટે એવ એકસ્મિન્ ગ્રાહકચિત્તધારા, નતુ અન્તર્બહિવિજ્ઞાનં, તત્ર ઉભયોઃ અન્તઃપશ્યતો બહિઃપશ્યતશ્ચ ભાવે ભગવત્સ્વરૂપે ચ વિશેષાભાવાત્ ન તારતમ્યમ્ અસ્તિ ઇત્યર્થઃ.''

(૩) જીવન્મુક્તિ પ્રભુના પ્રમાણબલથી જ્ઞાન કે મર્યાદાભક્તિ કે પુષ્ટિભક્તિ કરવાથી નિયમરૂપે મળી શકે છે અને અપવાદરૂપે કેવળ પુષ્ટિથી પ્રમેયબલથી વિપરીતભાવોને નિમિત્ત બનાવીને પણ પ્રભુ આપે છે. જ્ઞાનની કોઈ ઈજારાશાહી નથી.

(૪) ફલપ્રાપ્તિ પછી પણ સાધનોનો ત્યાગ અપેક્ષિત નથી પણ અનુષ્ઠાનનૈરન્તર્ય અપેક્ષિત છે. ''આવૃત્તિઃ અસકૃદ્ ઉપદેશાત્'' બ્રહ્મસૂત્ર ૪|૧|૧|૧ ની નીતિને અનુસરવાનું રહે છે. ત્યાં સમજાવ્યું છે કે ઉપનિષદ્ના એક આખ્યાનમાં તથાકથિત મહાવાક્ય ૯ વખત આવ્યું છે તેનો આશય એ છે કે તેમાં વર્ણવેલ જ્ઞાનના બોધનું નિરંતર અનુસંધાન રહે તે આવશ્યક છે. જ્ઞાનપ્રાપ્તિ પહેલાં તો આવૃત્તિ જરૂરી છે જ. ''સકૃદુપદેશેનૈવ ચેદ્ અર્થસિધ્ધિઃ સ્યાત્ તદા એકમેવ અર્થમ્ એકસ્મૈ એકદૈવ અસકૃત્ ન ઉપદિશેત્, પ્રયોજનાભાવાત્. એતેન અવઘાતવદ્ અન્તઃકરણદોષનિવર્તનં દૃષ્ટં દ્વારમ્ અન્યેષામ્ ઉપદેશાનામ્, ચરમસ્ય તસ્ય જ્ઞાનસાધકત્વમ્'' (અણુભાષ્ય ૪|૧|૧|૧). આવર્તનમાં કોઈ અદષ્ટ ફલ હોય તેવો હેતુ નથી પરંતુ તેનાથી અંતઃકરણના દોષો ધીરે ધીરે નિવૃત્ત થાય છે. વળી ફલપ્રાપ્તિ પછી પણ આવર્તન કરવું તો ફલાન્તઃપાતિ છે.

(ડ) ફલવિષયક વિચાર

ફલનું એક પાસું તેના અભિલષિત હોવાનું છે, તો બીજું પાસું નિયતિ હોવાનું છે. બન્ને દષ્ટિએ વિચાર કરવાનો રહે છે. આમાં ખંડનમંડન કરતાં ય પોતપોતાની પસંદગીને પ્રાથમિકતા મળે છે ; તેથી વાદ-વિવાદ કરવા કરતાં મજા માણવાનો વિષય છે.

(૧) શાંકરમતમાં ઉપર આત્માષટ્કમાં વર્ણવેલ છે તેમ જીવન્મુક્તને કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. તે કર્મનિયમથી અતીત થઈ જાય છે. તેની પુનરાવૃત્તિ નથી થતી, અર્થાત્ તે પાછો બંધનમાં નથી ફસાતો. તે કોઈ પ્રકારના ભોગ નથી કરતો. આ મુક્તિમાં કોઈ તારતમ્ય નથી હોતું ; તે એક જ પ્રકારની હોય છે.

(૨) આમ હોવા છતાં શાસ્ત્રપ્રામાણ્યવાદી હોવાથી ઔપનિષદિક તેમ જ પૌરાણિક આખ્યાનો તથા સાંપ્રદાયિક ગુરુ-શિષ્યપરંપરાને પણ પ્રામાણિક ઠેરવવા જીવન્મુક્તિ પછી પણ દેહની સ્થિતિ અને પ્રવચનાદિ લૌકિક ક્રિયાકલાપો તેમ જ વૈદિક કર્માનુષ્ઠાનાદિ ક્રિયાકલાપોને અસંભવ નથી માની શકાતા. તો વૃધ્ધાવસ્થા કે શારીરિક વ્યાધિ વગેરે પ્રારબ્ધભોગ પણ અનભિલષિત હોવા છતાં નિયત મનાયા છે. તેને ય પાછા બ્રહ્માનન્દસહાવસ્થાનસહિષ્ણુ ઠેરવવાના રહે છે ! શાંકરમતમાં ''આવરણરહિત વિક્ષેપ''ની અનુભૂતિ તરીકે કે ''સંચિત તથા ક્રિયમાણ કર્મોના ફલસહિત નાશ પછી પ્રારબ્ધ કર્મોના પરિપાક'' તરીકે તેમને કોઈક રીતે બંધબેસાડવામાં આવે છે. ''તીર છોડી દીધા પછી વૈરાગ્ય આવે તો ય તીર વાર તો કરે જ'' એવા એવા દષ્ટાન્ત અપાય છે.

(૩) જીવન્મુક્ત જ્ઞાનીની દેહનિવૃત્તિ પછી વિદેહમુક્તિ અપેક્ષિત છે. તેમાં સદ્યોમુક્તિની સંભાવના દઢ મનાઈ છે, ક્રમમુક્તિની નહીં.

(૧) વાલ્લભમતમાં વિવિધ માર્ગોથી મળતી મુક્તિ માટે વિવિધ વ્યવસ્થા છે. તેમાં મુક્તિકક્ષાપન્ન હોવાના અર્થમાં આપસમાં કોઈ સામ્ય

પણ છે તથા વૈલક્ષણ્ય પણ છે. મુક્તિતારતમ્યવાદમાં શ્રીગુસાંઈજીએ મુક્તિમાં તારતમ્ય માનવાથી પ્રસક્ત થતાં વૈચારિક અનિષ્ટોનો શાસ્ત્રવચનોના આધારે નિરાસ કર્યો છે અને તારતમ્ય છે તેમ પ્રસ્થાપિત કર્યું છે. તેથી કોઈક પ્રકારની મુક્તિમાં વિલક્ષણ ભોગ-બંધન-આવૃત્તિ પણ સંભવે છે !

(૨) સૌપ્રથમ જ્ઞાનમાર્ગની વાત કરીએ. ''તદભાવે કેવલં જીવન્મુક્તા ભવન્તિ ઇતિ સનકાદિતુલ્યાઃ સગુણા એવ... યદ્યપિ જ્ઞાનમાર્ગેઽપિ વિષયો નિર્ગુણઃ તથાપિ માર્ગઃ સગુણઃ ઇતિ ભક્તિમાર્ગસ્ય ઉત્કર્ષઃ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૧૪ ). ''અવિદ્યા-વિદ્યયોઃ જાગ્રત્-સ્વપ્નવદ્ ઉદ્ભવઃ, નો મુક્તિઃ. તસ્માદ્ ભજનં સર્વથા મતમ્'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૬૪ ). ''આત્મનઃ સ્વરૂપલાભો વિદ્યયા, દેહલાભો અવિદ્યયા ઇતિ. ઉભયોઃ જીવધર્મત્વં વ્યાવર્તયતિ 'હરેઃ શક્તી' ઇતિ. તેન ભગવદિચ્છયૈવ તયોઃ આવિર્ભાવ-તિરોભાવયોઃ હેતુત્વમ્ ઇતિ ઉક્તમ્... 'મામેવ યે પ્રપદ્યન્તે' ઇતિ વાક્યાદ્ ભક્તૌ સત્યામ્ અવિદ્યાદિ નિવર્તતે, વિદ્યાપિ ; અન્યથા નિત્યમુક્તતા ન સ્યાત્... જીવસ્યૈવ દુઃખિતત્વમ્ અનીશત્વં ચ... અન્યધર્મૈઃ બધ્ધો જન્મ-મરણે પ્રાપ્નોતિ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૩૧-૩૨ ). ''સ્વપ્નો જાગરણં ચૈવ યથા હ્યન્યોન્યવૈરિણૌ, વિદ્યાવિદ્યે તથા સ્યાતાં નતુ સર્વાત્મના લયઃ, ઇદમેવ વિનિશ્ચિત્ય કૃષ્ણો હિ અર્જુનમબ્રવીત્, મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે, એવકારેણ સર્વેષામ્ અનુપાયત્વમ્ આહ હિ, જ્ઞાનાદીનાં હિ સર્વેષાં તદધીનત્વતઃ સદા ... આપાતતસ્તુ સર્વેષાં ઉપાયત્વમ્'' ( સર્વનિર્ણયપ્રકરણ ૩૦૩-૩૦૭ ). સંક્ષેપમાં બંધન અને મુક્તિ ભગવાનની અવિદ્યાશક્તિ, વિદ્યાશક્તિ અને માયાશક્તિને આધારે પ્રાપ્ત કે નિવૃત્ત થતા રહે છે. વિદ્યા પ્રાપ્ત કરી અવિદ્યાની ઉપરવટ જવું અસ્થાયી હોઈ શકે છે. માયાની ઉપરવટ ગયા તો જ મુક્તિ સ્થાયી થાય. તેથી જ્ઞાનીને પ્રપન્ન થવું અપેક્ષિત છે.

જ્ઞાનમાં સંઘાત નિરર્થક બની રહે છે કે બાધક પણ બની શકે છે તેથી ત્યાગની ધાંધલ કરવાની રહે છે. ભક્તિ તેનો સંસ્કાર કરી તેને સાધક બનાવવા સક્ષમ છે તેથી ઉત્કૃષ્ટ છે. ''બ્રહ્માંશત્વેન જીવસ્ય આનન્દાત્મકત્વાત્ નિર્દોષસ્વરૂપત્વાત્ નિત્યત્વાત્ ચ, દોષાણાં ચ આગન્તુકત્વાત્ તદપગમે તસ્ય તથાત્વમ્ ઉચિતમ્. પ્રાણાદયસ્તુ ન તાદશા ઇતિ તદ્દષ્ટાન્તેન અત્રાપિ તથાત્વં ન વક્તું શક્યમ્'' ( અણુભાષ્ય ૪|૨|૧|૧ ). ''જ્ઞાનં દુઃખં દૂરીકરોતિ નિશ્ચિતં, તદ્ આપાતત એવ દૂરીકરોતિ, મૂલતસ્તુ ભક્તિરેવ એતદપિ કરોતિ'' ( સર્વનિર્ણયપ્રકરણ પ્રકાશ ૨૯૫ ). ''( શાબ્દ ) જ્ઞાનેન લોકે જાયમાના અન્તઃકરણક્લેશા નિવર્તન્તે, વ્યાધ્યાદિકસ્તુ ન નિવર્તતે'' ( સર્વનિર્ણયપ્રકરણ પ્રકાશ ૨૯૫ ). ''બ્રહ્મવિદ્... કૈવલ્યં = સંઘાતાત્ પૃથગ્ભાવં મોક્ષં વા પ્રાપ્નોતિ'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૪૫ ). ''તસ્ય સ્વરૂપાનન્દઃ, સ્વરૂપેણ વા આનન્દાનુભવઃ. સ્વતન્ત્રભક્તાનાં તુ ગોપિકાદિતુલ્યાનાં સર્વેન્દ્રિયૈઃ તથા અન્તઃકરણૈઃ સ્વરૂપેણ ચ આનન્દાનુભવઃ. અતો ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમ એવ વિશિષ્યતે'' ( શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૫૦-૫૧ ).

અવધૂતદશામાં રહેતા અખંડાદ્વૈતાનુભૂતિરત જીવન્મુક્ત જ્ઞાનીને શાસ્ત્રીયકર્મ પ્રાપ્ત નથી થતું. '' દ્વૈતભાને હિ યથાકથંચિત્ કર્મકૃતિસંભાવનાપિ. યસ્ય તુ અખંડબ્રહ્માદ્વૈતભાનં બ્રહ્મ ઇત્યેવ, નતુ ઇદં બ્રહ્મ ઇતિ સખણ્ડં અત્ર ઉદ્દેશ્યત્વેન પ્રપંચસ્યાપિ ભાનાત્ સખણ્ડત્વં તથાચ અખંડતદ્ભાને કર્મ-તદધિકારાદેઃ ઉપમર્દ ચ... શ્રુતિસ્તુ 'યત્ર ત્વસ્ય સર્વમ્ આત્મૈવાભૂત્ તત્ કેન કં પશ્યેદ્' ઇત્યાદિરૂપા'' ( અણુભાષ્ય ૩|૪|૧|૧૬).

જે જ્ઞાનીને પરંતુ આવી અવધૂતદશાની સિધ્ધિ ન થઈ હોય તેને આવી છૂટ પણ નથી મળતી. ''જ્ઞાનિનામપિ આશ્રમકર્માપિ કર્તવ્યમેવ... નિત્યત્યાગેઽપિ પ્રત્યવાયજનક ઇતિ તત્ કર્તવ્યમેવ ઇતિ ભાવઃ'' ( અણુભાષ્ય ૩|૪|૩|૩૧ ). ''પ્રવચનમ્ અપિ તસ્ય ફલાન્તઃપાતિ ઇતિ અધિકારિણિ ઉપસ્થિતે તથૈવ ઉપદિશતિ ચ'' ( અણુભાષ્ય ૪|૧|૨|૩ ). ''( બ્રહ્મવિદા ) વિહિતકર્મકરણં.. ભોગકાર્યાય પ્રારબ્ધનાશાયૈવ ઇત્યર્થઃ. યેષામ્ અગ્નિહોત્રાદિકારકં પ્રારબ્ધમ્ અસ્તિ તૈરેવ તન્નાશાય ભોગવત્ તદપિ ક્રિયતે, નતુ અતાદશૈઃ. અતએવ ન સનકાદીનાં તથાત્વમ્'' ( અણુભાષ્ય ૪|૧|૬|૧૬ ).

હવે જીવન્મુક્ત જ્ઞાનીની નિયતિની વાત. શાસ્ત્રોમાં તેને ક્રમમુક્તિતયા અથવા સદ્યોમુક્તિતયા એમ બન્ને રીતે વિદેહમુક્તિ મળી શકે છે એવું બતાવેલ છે. ''નિર્ગુણબ્રહ્મવિદ્યાવતોઽપિ પ્રારબ્ધભોગસ્તુ ત્વયાપિ વાચ્યઃ, અન્યથા પ્રવચનાસમ્ભવેન જ્ઞાનમાર્ગ એવ ઉચ્છિદ્યેત'' ( અણુભાષ્ય ૪|૩|૩|૧૪ ). ''અર્ચિરાદિમાર્ગેણ તસ્ય જ્ઞાનમાર્ગીયસ્યૈવ ઉત્કર્ષકથનાત્ સ એવ તેન માર્ગેણ ગચ્છતિ, નતુ ભક્તોઽપિ ઇત્યર્થઃ.'' ( અણુભાષ્ય ૪|૩|૧|૧ ). ''એવં સતિ આદૌ અર્ચિષમ્, તતો અહઃ, તતઃ સિતપક્ષમ્... બ્રહ્મપ્રાપ્તિઃ.'' ( અણુભાષ્ય ૪|૩|૩|૧૪ ). ''કલ્પસમાપ્તૌ કાર્યસ્ય બ્રહ્મલોકસ્ય નાશે સતિ.. પરમ્ ઈશ્વરં પ્રાપ્નોતિ અતો અપુનરાવૃત્તિશ્રુતિઃ ન વિરુધ્યતે'' ( અણુભાષ્ય ૪|૩|૩|૧૧ ).

જ્ઞાનીની આવી ક્રમમુક્તિ કર્મમાર્ગ અને યોગમાર્ગથી ઉત્કૃષ્ટ હોય છે. ''કર્મમાર્ગસ્ય આવૃત્તિઃ = પુનર્જન્મ ફલં, તદપિ અસકૃત્'' ( અણુભાષ્ય ૪|૧|૧|૨ ). ''તસ્ય ( જ્ઞાનમાર્ગીયસ્ય ) જીવાત્મનઃ ઉત્ક્રમણપ્રકાર ઉચ્યતે... વિદ્વાંસ્તુ ન ઇતરવદ્ ઇતરનાડ્યા

નિષ્ક્રામતિ કિન્તુ શતાધિકયા એકાશતતમ્યા નાડ્યા મૂર્ધન્યા નિષ્ક્રામતિ'' (અણુભાષ્ય ૪।૨।૫।૧૭). ''જ્ઞાનમાર્ગાદ્ યોગમાર્ગો હિ ભિન્નઃ. તથાચ યોગિનમ્ ઉદ્દેશ્યૈવ કાલવિશેષસ્ય ગતિવિશેષહેતુત્વં સ્મર્યતે, નતુ જ્ઞાનમાર્ગીયસ્ય શ્રૌતસ્ય, ઇતરનિરપેક્ષત્વાત્'' (અણુભાષ્ય ૪।૨।૭।૨૧).

હવે જ્ઞાનીની સદ્યોમુક્તિની વાત. જો કે તે ય ઈન્સ્ટન્ટ તો નથી જ હોતી, તો પણ જીવન્મુક્તિ પછી બીજા લોકમાં ન જવાનું હોવાથી તેને સદ્યોમુક્તિ કહેવાય છે. ''જ્ઞાનિનો હિ ભગવન્તમ્ આત્મત્વેનૈવ ઉપાસતે. તસ્યા નૈરન્તર્યે અનેકજન્મભિઃ તથૈવ તેષાં હૃદિ ભગવાન્ સ્ફુરતિ. તદા સ્વાનન્દાંશસ્યાપિ આવિર્ભાવાદ્ બ્રહ્મભૂતઃ સન્ આત્મત્વેનૈવ બ્રહ્મ સ્ફુરિતમ્ ઇતિ તદાનન્દાત્મકઃ સન્ તમ્ અનુભવતિ. એવં સ્થિતઃ પ્રારબ્ધસમાપ્તૌ દેહાપગમે તત્રૈવ પ્રવિષ્ટો ભવતિ'' (અણુભાષ્ય ૪।૧।૨।૩). ''જ્ઞાનમાર્ગે અંગીકૃતાસ્તુ આત્મત્વેનૈવ જ્ઞાનાદ્ ... અક્ષરાત્મકે તત્રૈવ પ્રવિષ્ટા ભવન્તિ'' (અણુભાષ્ય ૪।૧।૨।૩).

આમ જ્ઞાનમાર્ગની ફલની વાત પૂરી થઈ. જો કે તે ફલ ન જીવના સંદર્ભમાં પરમ ફલ છે ન ભગવાનના સંદર્ભમાં. ''ન ચ ફલપ્રકરણાન્તે અનાવૃત્ત્યુક્તેઃ સંસારાભાવ એવ જીવસ્ય પરમં ફલમ્ ઇતિ આચાર્યાભિપ્રાયો જ્ઞાયતે ઇતિ વાચ્યમ્... સ એવ પરમં ફલમ્, અનાવૃત્તિસ્તુ આર્થિકી, પરન્તુ આવૃત્તૌ સમ્ભવત્યાં પરમફલત્વં ન ઉપપદ્યતે ઇતિ જ્ઞાનદુર્બલશંકાનિરાસાય ઇયમ્ ઉક્તા'' (અણુભાષ્ય ૪।૪।૫।૨૨). ''મુક્તાનાં તુ માયાવિનિર્મુક્તમ્ આત્મસ્વરૂપમેવ, નતુ દેહેન્દ્રિયાદિકમપિ અસ્તિ યેન ભજનાનન્દાનુભવઃ સ્યાત્. ભક્તાનાં તુ દેહેન્દ્રિયાદિકમપિ માયા-તત્કાર્યરહિતત્વેન આનન્દરૂપત્વેન ચ ભગવદુપયોગિ અતોપિ તત્ તથા ઇત્યર્થઃ. ન હિ મુક્તાત્મનાં કશ્ચન ભગવદુપયોગો અસ્તિ ઇતિ ભાવઃ'' (અણુભાષ્ય ૩।૪।૩।૩૮). ''આનન્દાદયઃ પ્રધાનસ્ય'' (બ્રહ્મસૂત્ર ૩।૩।૧।૧૧). ''ન હિ ધર્મેષુ પૂર્ણાનન્દત્વાદયઃ સમ્ભવન્તિ, ધર્મિત્વાપત્ત્યા ધર્મત્વવ્યાહતેઃ. અત એવ અત્ર 'પ્રધાન'પદમ્ ઉપાત્તમ્, ગુણભાવેન લીલાપદાર્થાનામ્ આવિર્ભાવ ઇતિ જ્ઞાપયિતુમ્'' (અણુભાષ્ય ૩।૩।૧।૧૧). તેથી હવે લયની વાત છોડી આવિર્ભાવની વાત કરીએ.

વાલ્લભમતાનુસાર ઉપનિષદોમાં કેવળ જ્ઞાનમાર્ગનું જ નિરૂપણ નથી પરંતુ ભક્તિમાર્ગનું પણ નિરૂપણ છે. ''સાક્ષાત્કારસ્તુ બ્રહ્માધીનઃ. પ્રસન્નં તદ્ આવિર્ભવતિ... (ઐતદાત્મ્ય) શ્રુતિશ્ચ.. આવિર્ભાવે એવ ફલં સિધ્યતિ ઇતિ આવિર્ભાવાર્થં પ્રેમસેવાં નિરૂપયન્તી અવજ્ઞાનાદિદોષાભાવાય માહાત્મ્યં ચ સુદૃઢસ્નેહાય આત્મત્વં ચ આહ'' (શાસ્ત્રાર્થપ્રકરણ પ્રકાશ ૪૨).

(૩) પહેલાં મર્યાદાભક્તિમાર્ગ જોઈએ. સાથે સાથે તેનું જ્ઞાનમાર્ગ અને પુષ્ટિભક્તિમાર્ગની તુલનામાં તારતમ્ય અને સામ્ય પણ જોતા જઈએ. ''આદ્યાયામ્ (મર્યાદાયામ્) અંગીકૃતાનાં મુમુક્ષયૈવ શ્રવણાદૌ પ્રવૃત્તિઃ, તદ્દાતૃત્વેનૈવ ભગવતિ પ્રેમાપિ, નતુ નિરુપધિઃ... અસ્મિન્ માર્ગે શ્રવણાદિભિઃ પાપક્ષયે પ્રેમોત્પત્તિઃ, તતો મુક્તિઃ. પુષ્ટિમાર્ગે અંગીકૃતે તુ અત્યનુગ્રહસાધ્યત્વાત્ તત્ર ચ પાપાદેઃ અપ્રતિબન્ધકત્વાત્ શ્રવણાદિરૂપા પ્રેમરૂપા ચ યુગપત્, પૌર્વાપર્યેણ વા, વૈપરીત્યેન વા ભવત્યેવ. અત્ર શ્રવણાદિકમપિ ફલરૂપમેવ, સ્નેહેનૈવ ક્રિયમાણત્વાત્, ન વિધિવિષયઃ.'' (અણુભાષ્ય ૩।૩।૭।૨૯). ''તત્ર તુ જ્ઞાનપૂર્વકત્વં ભક્તેઃ આવશ્યકમ્... બ્રહ્મજ્ઞાને સતિ તજ્જ્ઞાનસ્વભાવાદેવ ઉત્તરાઘસ્ય અશ્લેષો = અસમ્બન્ધઃ, પૂર્વસ્ય તસ્ય વિનાશો ભવતિ'' (અણુભાષ્ય ૪।૧।૬।૧૩). ''મમ કર્મકરણે પ્રભોઃ ઇચ્છા અસ્તિ ઇતિ યો નિર્ધારયતિ સ કરોતિ, ય એતદ્વિપરીતં સ ન કરોતિ યથા શુક-જડાદિઃ. એતન્નિર્ધારશ્ચ ભગવદધીનઃ અતો ભક્તેષુ અપિ તન્નિર્ધારણાનિયમઃ. અતઃ કર્મ કર્તવ્યમેવ અતન્નિર્ધારણે તુ આધુનિકાનામ્. એવં સતિ ઇચ્છાજ્ઞાનવતા તત્સન્દેહવતા ચ કર્મ કર્તવ્યમ્ ઇતિ સિધ્ધમ્... તસ્ય જીવકૃતકર્મફલાત્ પૃથગ્ ભિન્નં ઈશ્વરકૃતકર્મણો યત્ ફલં વેદમર્યાદારક્ષા લોકસંગ્રહશ્ચ તત્ ફલમ્ ઇત્યર્થઃ'' (અણુભાષ્ય ૩।૩।૧૫।૪૨). ''મર્યાદામાર્ગીયભક્તસ્ય મર્યાદયૈવ મુક્તિપ્રતિબન્ધસંભવઃ, તયૈવ તન્નાશશ્ચ.'' (અણુભાષ્ય ૪।૧।૭।૧૭). ''મર્યાદામાર્ગે અંગીકૃતાનાં તુ મુક્તિપર્યવસાયિત્વેન મુમુક્ષુત્વાદ્ ઉત્કટસ્નેહાસંભવેન પ્રભુપ્રાકટ્યાસંભવાત્ સ્વસ્વપ્રકૃતૌ સંઘાતલયે શુધ્ધજીવસ્ય ભગવદનુગ્રહેણ શ્રવણાદિરૂપયા તથાવિધસ્નેહરૂપયા ચ ભક્ત્યા મુક્તિઃ સમ્પદ્યતે'' (અણુભાષ્ય ૪।૨।૧।૪). ''તેષાં તે ભૂતેષુ લીયન્તે, નતુ ઉક્તરીત્યા ભગવતિ'' (અણુભાષ્ય ૪।૨।૨।૫). ''પુષ્ટિમાર્ગીયભક્તસંઘાતસ્ય ભગવત્યેવ લયઃ... મર્યાદામાર્ગીયભક્તસંઘાતસ્ય ભૂતેષુ લયમ્'' (અણુભાષ્ય ૪।૨।૩।૮).

આમ સંક્ષેપમાં મર્યાદામાર્ગીય ભક્ત મુમુક્ષુ હોવાને કારણે નવધાભક્તિ કરવા પ્રવૃત્ત થઈ, પહેલા જ્ઞાનને કારણે સંચિત અને ક્રિયમાણ કર્મોથી અલિપ્ત બની, કેવળ પ્રારબ્ધભોગની મર્યાદા જાળવતા શાસ્ત્રીય કર્મોમાં પ્રવૃત્ત કે નિવૃત્ત થઈ, છેવટે સ્નેહયુક્ત થઈ, વચ્ચે આવતા પ્રતિબંધોનો અનુભવ તથા નાશ કરી, પંચમહાભૂતમાં તેના સંઘાતનો લય થતાં સદ્યોમુક્તિ પ્રાપ્ત કરે છે.

(૪) હવે અંતે ચરમ પુષ્ટિભક્તિમાર્ગ જોઈએ. ''એતેન 'રસો વૈ સઃ' ઇતિ શ્રુતેઃ લીલાવિશિષ્ટ એવ પ્રભુઃ તથા ઇતિ તાદશ એવ પરમફલમ્

ઇતિ જ્ઞાપિતં ભવતિ'' ( અણુભાષ્ય ૪।૪।૫।૧૯ ). ''શ્રુતિષુ યા અન્યધર્મરાહિત્યલક્ષણા કેવલતા ઉક્તા સા લીલાત્મિકૈવ. લીલાવિશિષ્ટમેવ શુધ્ધં પરં બ્રહ્મ, ન કદાચિત્ તદ્રહિતમ્ ઇત્યર્થઃ પર્યવસ્યતિ... લીલૈવ કૈવલ્યં = જીવાનાં મુક્તિરૂપં ; તત્ર પ્રવેશઃ પરમા મુક્તિઃ.'' ( અણુભાષ્ય ૪।૪।૩।૧૪ ). ''લીલાયાઃ કાલમાયાદ્યતીતત્વેન પ્રાકૃતં જગદ્ દુરતરમ્'' ( અણુભાષ્ય ૪।૪।૫।૧૭ ). ''ભગવત્કર્તૃકભોગસ્ય લીલારૂપત્વાત્ તસ્યાશ્ચ 'લોકવત્તુ લીલા કૈવલ્યમ્' ઇત્યત્ર મુક્તિત્વેન નિરૂપણાત્ તત્પ્રાપ્તેઃ સમ્પદ્રૂપત્વં યુક્તતરમ્'' ( અણુભાષ્ય ૪।૪।૪।૧૬ ). ''ભક્તિમાર્ગે અંગીકૃતાસ્તુ સાક્ષાત્પ્રકટે પુરુષોત્તમે સતિ તદ્ભજનાર્થમ્ ઉપ સમીપં ગચ્છન્તિ'' ( અણુભાષ્ય ૪।૧।૨।૩ ). ''ન હિ તદા નૈસર્ગિકજ્ઞાનક્રિયાભ્યાં તથા ભોક્તું શક્તો ભવતિ કિન્તુ ભગવાન્ તસ્મિન્ આવિશતિ યદા તદા અયમપિ તથૈવ ભવતિ ઇતિ સર્વમ્ ઉપપદ્યતે. એતદેવ આહ પ્રદીપવદ્ ( આવેશ ) ઇતિ'' ( અણુભાષ્ય ૪।૪।૪।૧૫ ). ''ઉપદેશનં તદા સ્યાત્ યદિ બ્રહ્મવિદામિવ તેષાં સ્વાસ્થ્યં સ્યાત્... ઉપદેશો અન્યસ્મૈ ન ભવતિ ઇત્યર્થઃ'' ( અણુભાષ્ય ૪।૨।૩।૧૦ ). ''અત્યનુગ્રહભાજનસ્ય ભક્તસ્ય સ્વપ્રાપ્તિવિલમ્બમ્ અસહિષ્ણુઃ ભગવાન્ અસ્ય પ્રારબ્ધમ્ એતત્સમ્બન્ધિગતં કૃત્વા તસ્ય તેન ભોગં કારયતિ ; પ્રારબ્ધં ભોગૈકનાશ્યમ્ ઇતિ સ્વકૃતમર્યાદાપાલનાય ન નાશયતિ'' ( અણુભાષ્ય ૪।૧।૭।૧૭ ). ''ભક્તિમાર્ગે પ્રાકટ્યસ્યૈવ પરમફલત્વેન તદ્દર્શનેન આપ્તકામો ભવતિ. તતઃ સાક્ષાદાશ્લેષાદિકામનાયાં પ્રાચીનદેહપ્રાણાદેઃ તદયોગ્યત્વાત્ તે તત્રૈવ લીના ભવન્તિ... ઉત્ક્રમણાભાવ ઉચ્યતે'' ( અણુભાષ્ય ૪।૨।૧।૧ ). ''તત્ ( પુષ્ટિમાર્ગીયફલ ) પ્રાપ્તિપ્રકારમાહ.. સ્થૂલ-લિંગશરીરે ક્ષપયિત્વા દૂરીકૃત્ય અથ ભગવલ્લીલોપયોગિદેહપ્રાપ્ત્યનન્તરં 'સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા' ઇતિ શ્રુત્યુક્તેન ભોગેન સમ્પદ્યતે ઇત્યર્થઃ'' ( અણુભાષ્ય ૪।૧।૭।૧૯ ). ''તત્ર પ્રવેશિતસ્ય તસ્માદ્ અવિભાગ એવ... સૂરયો ભક્તા એવ. તેષાં સદા દર્શનમ્ ઉચ્યતે... એતેનાપિ લીલાનિત્યત્વં સિધ્યતિ'' ( અણુભાષ્ય ૪।૨।૪।૧૬ ). ''મુક્તોપિ જીવઃ પુષ્ટિમાર્ગે અંગીકૃતો ભગવદ્દત્તં વિગ્રહં પ્રાપ્ય ભજનાનન્દં પ્રાપ્નોતિ ઇતિ સિધ્ધમ્'' ( અણુભાષ્ય ૪।૪।૨।૧૦ ). ''બ્રહ્મસમ્પદ્યાપિ સ્થિતસ્ય જીવસ્ય પ્રભોરત્યનુગ્રહવશાત્ સ્વરૂપાત્મકભજનાનન્દદિત્સાયાં તત્કૃત આવિર્ભાવો ભવત્યેવ... લીલાયાઃ પ્રપંચાતીતત્વાત્... તદાવિર્ભાવસ્ય ન લૌકિકત્વં ન ચ આવૃત્તિરૂપત્વમ્'' ( અણુભાષ્ય ૪।૪।૧।૧-૨ ). ''પૂર્વોક્તસ્ય જગત્સમ્બન્ધી લૌકિકો યો વ્યાપારઃ કાયવાઙ્મનસાં તદ્વર્જં તદ્રહિતં ભોગકરણમ્... મુક્તિપ્રકરણાત્ તત્ર લૌકિકવ્યાપારો અસમ્ભાવિતઃ'' ( અણુભાષ્ય ૪।૪।૫।૧૭ ).

સંક્ષેપમાં પુષ્ટિભક્તનું પ્રભુ સ્વરૂપાનન્દદાનાર્થ વરણ કરે છે. તેના જીવનમાં પ્રેમ અને નવધા ભક્તિ બન્ને વિધિવશાત્ નહીં પણ સ્વભાવવશાત્ વણાયેલા રહે છે. તેને ભગવદાવેશ રહે છે જેને કારણે તે ઉપદેશાદિ કરવા જેટલો સ્વસ્થ નથી રહી જતો. તેને પ્રારબ્ધભોગથી ઝડપથી નિવૃત્ત કરવા પ્રભુ તેના સત્કર્મોનું ફલ તેના પ્રશંસકોને તેમ જ દુષ્કર્મોનું ફલ તેના નિન્દકોને અપાવી દે છે. તેના સંઘાતનો ભગવાનમાં જ લય થઈ તેને ભગવલ્લીલોપયોગી દેહાદિની પ્રાપ્તિ થાય છે. પ્રપંચાતીત લીલામાં તેવા દેહાદિથી તે ભગવાન સાથે રમમાણ થઈ આનન્દ લે તે પરમફલ જ તેની મુક્તિ કે કૈવલ્ય છે.

આમ જીવન્મુક્તિનો પ્રમાણ-પ્રમેય-સાધન-ફલવિષયક વિસ્તૃત વિચાર પૂરો થયો.

## નિષ્કર્ષ

સમગ્રતયા જોતાં શાંકરમતમાં જીવાત્મા પ્રત્યક્ષગોચર, પ્રતિબિંબ, સંસાર-સંઘાત-પ્રપંચનું વિવર્તાધિષ્ઠાન, વ્યાપક છે. તેથી બાહ્ય પ્રતીકોપાસનાસહકૃત આંતર જ્ઞાનની પ્રક્રિયાથી તેને જીવન્મુક્તિ અને ત્યાર બાદ સંસાર-સંઘાત-પ્રપંચનો લય થતાં વિદેહમુક્તિરૂપી કૈવલ્ય પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે કે વાલ્લભમતમાં જીવાત્મા મનોમાત્રગોચર, બિંબ, અણુ, અંશ, સંઘાત-પ્રપંચથી ભિન્ન તથા બધ્ધ હોય ત્યારે સંસારથી ગ્રસ્ત છે. તેથી તેના વરણાનુસારી શાસ્ત્રવિહિત જ્ઞાન કે વિહિત / અવિહિત ભક્તિની આંતર-બાહ્ય પ્રક્રિયાથી તેને સ્વાધિકારોચિત કૈવલ્યરૂપા જીવન્મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે.

શાંકરમત પ્રમાણેની જીવન્મુક્તિમાં પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ એમ દરેક વિષયક દષ્ટિથી અનેક શાસ્ત્રવચનોનો વિરોધ થાય છે અને તે સિવાય બીજા પણ અનિષ્ટોનું પ્રસંજન થાય છે. વાલ્લભમત પ્રમાણેની જીવન્મુક્તિમાં તેવા દોષો નથી. આજકાલ જે દોષો વાલ્લભસંપ્રદાયમાં ઊડીને આંખે વળગે છે તેમાં સાંપ્રદાયિક સાધનનિષ્ઠાનો અભાવ અને વિપરીતાચરણપરાયણતા જ કારણ છે. જે કાંઈ અનિષ્ટોનું પ્રસંજન થયું છે તે તેને કારણે. તેથી એક જ કામના કરવી રહી કે મત ન બદલાય પણ બુદ્ધિ બદલાય ; ''બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !''